ગાંધીનગર સમાચાર


**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૧ ટકા

# રાજયના બજેટમાં મહિલાઓને મહત્વ અપાયું : અંજલિબેન

## શહેરમાં મહિલા ઉત્કર્ષ યોજના સંદર્ભે યોજાયેલ કાર્યક્રમમાં અંજલિબેન રૂપાણીનું મહિલાઓને સંબોધન : આ યોજના થકી વધુમાં વધુ બહેનો સ્વરોજગાર મેળવી આત્મ નિર્ભર બને અને પરિવારને મદદ કરી શકે તેવો ઉમદા પ્રયાસ

ગાંધીનગર, તા.૧૭

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મ દિવસે ગુજરાત સરકારે મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઈ-લોકાર્પણ કરીને મહિલાઓને અને તેમના પરિવારોની આર્થિક રીતે સધ્ધર બનાવવા પ્રયાસ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મુખ્ય મંત્રી હતા, ત્યારે મહિલાઓ અને બાળકોની ઘણી બધી યોજનાઓ જેમકે કન્યા કેળવણી, બેટી બચાવો, બેટી પઢાવો, જાહેર કરાઈ હતી. જેનાથી મહિલાઓને ગૌરવ પ્રાપ્ત થયું છે. પહેલાં એવું કહેવાતું કે, દીકરી ને ગાય દોરે ત્યાં જાય એટલે કે તેમનું માન ન હતું. હવે, મહિલા – પુરુષ સમોવડી બની છે. અને પુરૂષના ઘણા ક્ષેત્રોમાં પોલીસ, પાયલોટ, ડૉકટર, વકીલ અને ઈજનેર જેવી ભૂમિકાઓ ભજવે છે.

તેમણે મહિલાઓના ઉત્કર્ષ માટે મિશન મંગલમ્ દ્વારા સખી મંડળોને પગભર કરી ગરીબ મહિલાઓના પરિવારોને રોજગારી આપવી છે. ૨ લાખ ૫૧ હજાર સ્વસહાય જૂથોમાં ૨.૫૫ લાખ બહેનો જોડવામાં આવી અને ૧૫૦ સ્વ સહાય જૂથોમાં કેટલીક બહેનો પશુપાલનનો વ્યવસાય પણ કરી રહી છે.




રાજય સરકારે આ સ્વસહાય જૂથોને ઘરે બેઠા હેન્ડીક્રાફ્ટ હેન્ડલૂમ અને ગૃહ ઉદ્યોગની ચીજ વસ્તુઓ માટે રોજગાર મેળવતા હોય છે. આ જૂથોને બેંકો દ્વારા એક લાખ રૂપિયાનું ધિરાણ આપે છે. જેનું વ્યાજ સરકાર ચુકવે છે.

સ્ત્રી સંસારરૂપી રથનું બીજુ પૈડું છે, તેને પરિવારમાં પતિના કદમ થી કદમ મિલાવીને આર્થિક રીતે સધ્ધર બનવામાં મદદ કરવી જોઈએ. કોરોનાના કાળમાં ઘણાની રોજગારી છુટી જવાની બાબતને ધ્યાને રાખી આ યોજના દ્વારા આત્મ નિર્ભર બનવા મહિલાઓ પોતાના પરિવારને મદદ રૂપ થઈ શકશે. તેમણે વધુમાં વધુ સ્વસહાય જૂથો બનાવીને આત્મ નિર્ભર ગુજરાતમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ લેવા ભાર પૂર્વક જણાવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઈ- લોન્ચીંગ કરવામાં આવ્યું છે. જેમાં એક મહિલાને એક લાખ તરીકે સખી મંડળને ૧૦ મહિલાના જૂથને ૧૦ લાખની સહાય મુખ્યમંત્રી અને બેંક સહયોગથી આ સહાય આપવામાં આવશે. જેમાં ઘણી બધી સરકારી અને ખાનગી બેંકોનો સહકાર રહેશે.

બહેનો પોતાના આત્મ સન્માન અને પોતાની આવડત અનુસાર સ્વરોજગારીથી પોતાના લઘુ ઉદ્યોગને કે કોઈ પણ ગૃહ ઉદ્યોગ શરૂ કરી શકશે. આ યોજના થકી વધુમાં વધુ બહેનો સ્વરોજગાર મેળવી આત્મ નિર્ભર બને અને પરિવારને મદદ કરી શકે તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ, નાયબ મ્યુનિસિપલ કમિશનર પી.સી.દવે, મહિલા કોર્પોરેટરશ્રીઓ સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.



દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની વિશિષ્ટ પ્રકારની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા નગરના માનસિક અસ્વસ્થ વ્યકિતઓને બાલ-દાઢી કઢાવી, સ્નાન કરાવી, નવા કપડા પહેરાવી, પાદુકાઓ અર્પણ કરી જમાડીને સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બીજેપી પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરના મહામંત્રી અને મહાનગર સેવા સપ્તાહના ઈન્ચાર્જ કનુભાઈ દેસાઈ, જીલુભા ધાંધલ, નિલેશ પટેલ, મફતભાઈ દેસાઈ, વિક્રમભાઈ દેસાઈ તથા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટનું વૃક્ષારોપણ

આજે તો ગાંધીનગર શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીનો સૌ કોઈને હૈયે ઉમળકો ઉભરાયો હોય તેવું જણાતું હતું. વડાપ્રધાનના જન્મદિવસની ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૧ના રામાપીર મંદિરના પ્રાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજીને ઉજવણી કરવામાં આવી હતી.



ગાંધીનગર રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે યોજવામાં આવેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં શહેરના પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, વોર્ડ નં.૪ના કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા, સુરેશ મહેતા વોર્ડ પ્રમુખ પ્રેમલભાઈ શાહ પૂર્વ વોર્ડ પ્રમુખ હીરાભાઈ દરજી, રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માળી ઉપરાંત હોદ્દેદારો જગદાન ગઢવી, માધુભાઈ પ્રજાપતિ, રમેશકુમાર પંચાલ, તલકારામ મારવાડી, માંગીલાલ ગુર્જર ગણેશજી તેલી, ગોવિંદભાઈ એડવોકેટ, જશવંતભાઈ, વિરેન્દ્ર ચારણ, જાટ ધર્મવીર, ચૌધરી સુરેશજી, જૈન ગોપાલજી, શર્મા પ્રવિણસિંહ, મુકેશજી પ્રજાપતિ, સમેરાજી મેઘવાલ, દરગાજી હાજી, તોલાજી, રમેશભાઈ, પ્રજાપતિ, ભુરાભાઈ, રમેશભાઈ મેઘવાલ, ગોપાલ મેઘવાલ, પૂંજાજી મેઘવાલ, ધુખાજી મેઘવાલ તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



શહેર વસાહત મહામંડળ દ્વારા ઘણા વર્ષોથી અસ્થિ વિસર્જનનું સેવા કાર્ય કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ સંસ્થાના સ્વયંસેવકોએ જમીન માર્ગે ગાડી લઈને હરિદ્વાર પહોંચી ૬ મહિના દરમિયાન એકત્રિત થયેલા ૨ હજારથી વધુ મૃતકોના અસ્થિઓનું વિધિપૂર્વક વિસર્જન કર્યું હતું. આ સેવાકાર્યમાં અરૂણભાઈ બુચ, મુકેશ શુકલ, નીલેન્દુભાઈ વોરાનો ખાસ સહયોગ રહ્યો હતો.

## દિવંગત આત્માઓની સદગતિ અર્થે મુક્તિધામ ખાતે પ્રાર્થનાસભા



ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આગામી આજે સાંજે ૫ કલાકે શહેરના સેક્ટર-૩૦ ખાતેના સ્મશાન મુક્તિધામ ખાતે પાટનગરમાં કોરોના કાળ દરમ્યાન અવસાન પામેલા તમામ દિવંગત આત્માઓને શાંતિ-સદગતિ માટે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં સમાપને મીણબત્તી પ્રાગટ્ય થકી દિવંગત આત્માઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા સહિત હોદ્દેદારો રાજેન્દ્ર પારેખ, પ્રદીપસિંહ બિહોલા, કે. પી. સોલંકી, જયેશભાઈ આગજા, ઘનશ્યામસિહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, વિઠ્ઠલભાઈ પરમાર, તેજાભાઈ દેસાઈ, અશ્વિનભાઈ રાઠોડ, સી. કે. સોની, જયેન્દ્રભાઈ ઠકકર તથા અન્ય વસાહતીઓ હાજર રહ્યા હતા.

## શહેરની સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં કોરોનાના ૩૧૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં પણ એટલી જ સંખ્યામાં દર્દીઓ

ગાંધીનગર, તા.૧૭

કોરોના એ કોહરામ મચાવ્યો છે, રાજયમાં કોરોનાના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજયમાં કોરોનાના કેસ એક લાખને પણ પાર કરી ગયા છે. જયારે પાટનગરમાં પણ ૩ હજારથી વધુ દર્દીઓ કોરોનાના સંક્રમિત થઈ ચુક્યા છે. કોરોના ધીમેધીમે અજગરી ભરડો લઈ રહ્યું છે. કોરોનાને કાબુમાં કરવા માટે આરોગ્ય વિભાગ કમરકસી રહ્યું છે. ત્યારે પાટનગરની સરકારી કોવીડ હોસ્પિટલ તેમજ ખાનગી કોવીડ હોસ્પિટલમાં ૩૧૦ દર્દીઓ કોરોનાની સારવાર મેળવી રહ્યા છે.

કોરોનાના સંક્રમિતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જયારે અનલોકમાં નાગરીકો કોરોનાનો ડર રહ્યો ના હોય તેમ ફરી રહ્યા છે. કોરોનાથી બચવા માટે નાગરીકો સલામતીનું ધ્યાન રાખી રહ્યા છે. ત્યારે શહેરીજનોને પણ મોંઢા પર માસ્ક સાથે ઘરની બહાર નીકળવા અને સોશ્યિલ ડિસ્ટન્સ જાળવવા માટે તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે. કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે સામાન્ય જન જીવન પણ પ્રભાવિત થયું છે. ત્યારે ગાંધીનગર શહેરી-જિલ્લા વિસ્તારમાં કોરોના કેસ ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે. શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં બેડ કોવીડ દર્દીઓથી ભરાયેલા જોવા મળે છે. મળતી માહિતી મુજબ સરકારી કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે ૧૯૮ દર્દીઓ કોરોનાની સારવાર મેળવી રહ્યા છે. જયારે શહેરને અડીને આવેલા સરગાસણની ખાનગી કોવીડ હોસ્પિટલમાં ૭૦ દર્દીઓ અને કુડાસણ-રાંદેસણ વિસ્તારમાં આવેલી હોસ્પિટલમાં ૪૨ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યા છે. જયારે કોરોના પોઝીટીવ હોય પરતુ ખાસ કોઈ લક્ષણ ના હોય તેવા દર્દીઓ ઘરે જ સારવાર મેળવી સ્વસ્થ થઈ રહ્યા છે. ત્યારે હોમ આઈસોલેશનમાં પણ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે.

## સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ઓગષ્ટ-૨૦૨૦ પ્રવેશ સત્રમાં ખાલી બેઠકો માટે પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૧૭

રોજગાર અને તાલીમ ખાતાના નિંયત્રણ હેઠળની રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમી સંસ્થા ગાંધીનગરમાં કેટલાક વ્યવસાયોમાં પ્રવેશસત્ર ઓગષ્ટ ૨૦૨૦માં જુજ બેઠકો ખાલી રહેલી છે. જેમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન **https://itiadmission.gujarat.gov.in** પર ફોર્મ ભરી આપવા અથવા તો સંસ્થા ખાતે ૫૦ રૂ. રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી પ્રમાણપત્રો સહિત ફોર્મ જમા કરાવવાનું રહેશે.

આ બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું શરુ કરવાની તારીખ ૧૭ સપ્ટેમ્બર, પ્રવેશફોર્મ આઈટીઆઈ ખાતે રજીસ્ટ્ર્ડ કરવાની છેલ્લી તારીખ અને સમય તા. ૨૫ સપ્ટેમ્બર સાંજે ૬ વાગ્યા સુધી, જે તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિધ્ધ કરવાની તારીખ ૨૮ સપ્ટેમ્બર તથા જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહીની તારીખ ૨૯ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર છે.

ઉલ્લેખનીય છે કે જે ઉમેદવારોએ અગાઉ પ્રવેશ ફોર્મ ભરેલું હોય અને કોઈ કારણોસર પ્રવેશ ન મેળવી શકયા હોય તેવા ઉમેદવારોએ અલગથી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેતી નથી તેમણે ઓનલાઈન પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશનની રસીદની ઝેરોક્ષ નકલ સહિત સંબંધિત સંસ્થાને અરજી કરવાની રહેશે. ગાંધીનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય દ્વારા આ સત્રમાં પ્રવેશવા ઈચ્છુક ઉમેદવારોને સમયસર લાભ લેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. કાન્તિભાઈ ભીખાભાઈ પરમાર, ઉ.વ. ૬૧, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. કિશનદાસ જીવનદાસ બીનાની, ઉ.વ. ૯૩, મોટેરા, અમદાવાદ

## વડાપ્રધાનના જન્મદિને અંજલિબેન રૂપાણીના હસ્તે શહેરની ૮૫ વિધવાઓને સહાય વિતરણ

### ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે યોજેલ હોમાત્મક લઘુરૂદ્ર મહાયજ્ઞમાં જરૂરીયાતમંદ પરિવારને કરિયાણાની અને બાળકોને શૈક્ષણિક કીટનું પણ વિતરણ કરાયું






ગાંધીનગર, તા.૧૭

જેમના નેતૃત્વ હેઠળ ભારત દેશ જ્યારે વિશ્વફલક પર યશ પ્રાપ્ત કરી રહ્યો છે તેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે જન્મદિવસ છે. ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર જેઓ વડાપ્રધાનને કર્મઠ લોકસેવક તરીકે માને છે અને નરેન્દ્ર મોદી પ્રત્યેની લાગણી તેમના હૃદયમાં પણ અન્ય કરોડો હિન્દુસ્તાનીઓની જેમ ભરપુર છે તેથી તેમણે નરેન્દ્ર મોદીના લાંબા આયુષ્ય માટે તેમના જન્મદિને પાટનગરમાં ઘ-૫ ઓપન થીયેટર ખાતે હોમાત્મક લઘુરુદ્ર મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. લઘુરુદ્રના સમાપને મુખ્યમંત્રીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી તથા મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

હોમાત્મક લઘુરૂદ્ર મહાયજ્ઞના સમાપન પ્રસંગે ઉપસ્થિત રહેલા અંજલીબેન રૂપાણીએ ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા વિધવાઓને આજીવન કોઈની સામે હાથ લાંબો ન કરવો પડે તેવી યોજના પ્રસ્તુત કર્યુ હોવાનું જણાવ્યું હતું. ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાનના જન્મદિવસે તેમના દીર્ઘાયું અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરવાના હેતુસર આ હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નરેન્દ્ર મોદી ફરી એકવાર દેશના વડાપ્રધાન પદે ચૂંટાય તથા દેશ વિરોધી તાકાતો, અસામાજિક તત્ત્વો અને દેશદ્રોહીઓ છે રાષ્ટ્રનું રક્ષણ કરે અને સમગ્ર વિશ્વમાં ભારત વર્ષ તથા ભારતીય સંસ્કૃતિને હજુ વધુ ઉજાગર કરે તેવી કામના વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે તેમણે જણાવ્યું હતું કે પાટનગરમાં યોજાયેલા હોમાત્મક લઘુરૂદ્ર મહાયજ્ઞના સમાપને શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને જીવનજરૂરિયાતની કીટનું વિતરણ, ૮૫ વિધવા મહિલાઓને આજીવન પેન્શન યોજનાના ફોર્મ ભરાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેરના નાના વેપારીઓ જેવા કે શાકભાજીની લારીવાળા, પાથરણા કે રેંકડી વાળા તેમજ નાના ગલ્લા ધારકોને નોંધણી કરીને હોકર્સ લાયસન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપના બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષ ભગવાનદાસ પંચાલ, ગુડાના પૂર્વ ચેરમેન અશોક ભાવસાર અને આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને પ્રવિણભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલ, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ તથા મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## એક પંથ દો કાજ.. વાવોલમાં ખાડાઓ પુરીને વડાપ્રધાનનો જન્મદિવસ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૭

આ વર્ષે ચોમાસુ ભરપૂર વરસ્યું છે અને તેના પ્રતાપે ગાંધીનગર મહાનગર વિસ્તારમાં ચારેકોર ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું છે અને નાગરિકો આ ખાડાઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ સમગ્ર વાવોલ વિસ્તારમાં પણ રોડ-રસ્તાઓ પર પડેલા અસંખ્ય અને અસહ્ય ખાડાઓથી જનતા પરેશાન હતી જો કે આજે વડાપ્રધાનના જન્મદિવસે વાવોલની જનતાની આ પરેશાની કેટલેક અંશે દૂર થવા પામી છે કેમ કે વાવોલમાં કાર્યરત ભાજપના કાર્યકરોની બનેલી સ્વામી વિવેકાનંદ વિકાસ સમિતિ દ્વારા નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી આ ખાડાઓ પુરીને કરવામાં આવી હતી.

એવું કહેવાય છે કે જો તમારા ગામના રસ્તા પર બહુ ખાડા હોય અને તેના પ્રત્યે તંત્ર દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવતા હોય તો વડાપ્રધાન, મુખ્યમંત્રી અથવા કોઈ મંત્રીને કે મોટા નેતાને ગામમાં આમંત્રણ આપવું જેથી આપોઆપ તંત્ર ખાડા પુરીને રસ્તો ચકાચક કરી દેશે. ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ સમગ્ર વાવોલ વિસ્તારમાં પણ રોડ-રસ્તાઓ પર પડેલા અસંખ્ય ખાડાઓથી જનતા પરેશાન હતી. જો કે અહી આજે કોઈ નેતા નથી આવ્યા કે મંત્રી નથી આવ્યા તેમ છતાં વાવોલના ખાડા પુરાઈ ગયા છે કેમ કે વડાપ્રધાનનો જન્મદિવસ આવ્યો હતો. આમ તો વડાપ્રધાનનો બર્થ ડે વિવિધ સેવા કર્યો થકી ઉજવવાનો ભાજપ મોવડી મંડળનો આદેશ હતો જેનો વાવોલના ભાજપના કાર્યકરોની બનેલી સ્વામી વિવેકાનંદ વિકાસ સમિતિએ "એક પંથ દો કાજ"ની નીતિ મુજબ આદેશના અક્ષરશ: પાલન કરતાં વાવોલ ગામમા તથા સોસાયટી વિસ્તારના મેઈન રોડ પર પડેલા નાના-મોટા દરેક ખાડાઓ પુરીને અનોખી રીતે ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ભાજપ ગાંધીનગર મહાનગર શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તથા સ્વામી વિવેકાનંદ વિકાસ સમિતિના પ્રમુખ શૈલેષભાઈ પટેલ સહિત વાવોલ ભાજપ અગ્રણી દિલીપસિહ ગોલ, મહિપતભાઈ, મનસુખભાઈ, લાલભાઈ પટેલ, ઘનશ્યામ સિહ ગોલ, અતુલભાઈ, પ્રદીપસિંહ, રામજીભાઈ, કચરાજી ગોલ, કુબેરસિહ ગોલ વગેરે કાર્યકરોએ ખાસ હાજરી આપી હતી. આ અનોખા કાર્યક્રમથી વાવોલના વસાહતીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.